# શહેરના કોરોના પોઝિટિવ દર્દી સહિત ચાર સામે પોલીસ ફરિયાદ

## દુબઈથી પરત ફરેલ ઉમંગ પટેલ સહિત ચાર સામે જાહેરનામાના ભંગ બદલ મનપા દ્વારા ફરિયાદ

ગાંધીનગર, તા.૨૪

વિશ્વના ૧૯૦ થી વધુ દેશમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસનો પગ પેસારો ભારત સહિત વિવિધ રાજયમાં પણ થઈ ગયો છે. ત્યારે ગુજરાતમાં પણ કોરોનાના ૩૩ પોઝીટીવ કેસ નોંધાયા છે. ભારતભરમાં કોરોના વાયરસને પગલે કેટલાક નાગરીકો મોતના મુખમાં પણ ધકેલાયા છે. ગુજરાતના પાટનગરમાં પહેલા નોંધાયેલા કોરોના પોઝીટીવ કેસના દર્દી સહિત ચાર સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. જેમાં દુબઈ થી પરત આવેલા ઉમંગ પટેલ સહિત ચાર સામે જાહેરનામા ભંગ બદલ સેકટર-૨૧ પોલીસ મથકે ગાંધીનગર મહાનગર પાલિકાના મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડો. કલ્પેશ ગોસ્વામી દ્વારા ફરીયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ ૧૯ માર્ચના રોજ ઉમંગ જશુભાઈ પટેલ (રહે. પ્લોટ નં.૧૬૬-૧ સેકટર-૨૯) નો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યો હતો. જેથી મેડીકલ ટીમે અને તંત્ર દ્વારા તપાસ કરવામાં આવતા જાણવા મળ્યું હતુ કે ઉમંગ પટેલ તેની પત્ની પીનલ પટેલ સાથે દુબઈ થી ૧૭ માર્ચના રોજ પરત ફર્યા છે. જેને પગલે જાહેરનામા મુજબ આ અંગે તેઓએ આરોગ્ય વિભાગને જાણ કરી ન હતી. દુબઈથી પરત આવ્યા બાદ કોરોન્ટાઈલનું પાલન નહીં કરી ઉમંગના ભાભી પૂજાબેન તીર્થભાઈ પટેલ તેમજ ફુઆ અશોકભાઈ પટેલ (રહે.૪૮૪-૪ વિરાટનગર સેકટર-૨૩)પણ જાહેરનામાનું પાલન નહી કરીને અન્ય વ્યકિતઓને મળ્યા હતા. જેમાં અશોક પટેલ ઉમંગની મુલાકાત બાદ વેડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોતાની ફાર્માસીસ્ટ તરીકેની ફરજ બજાવી હતી. ઉમંગ જશુભાઈ પટેલ અને પીનલબેન ઉમંગભાઈ પટેલ દુબઈથી પરત આવ્યા બાદ પોતના કોરોના ટેસ્ટ કરાવ્યા વિના તેમજ જાહેરનામા મુજબ ૧૪ દિવસ સુધી અન્ય વ્યકિતની મુલાકાત નહી લેવા અંગેની સુચનાનું ચુસ્તપણે પાલન ન કર્યું. પૂજાબેન તીર્થભાઈ પટેલ અને અશોકભાઈ સારી રીતે જાણતા હતા કે દુબઈ ખાતેથી પરત આવેલા ઉમંગ અને પીનલબેનની ૧૪ દિવસ સુધી મુલાકાત લેવાની નથી તેમ છતા તેમના સંપર્કમાં આવ્યા હતા. પૂજાબેન પોતાના ઘરના તેમજ અન્ય સભ્યોના સંપર્કમાં રહી તેમજ અશોકભાઈ પટેલ પણ ઘરના તેમજ પોતાની ફરજ પરના સ્થળે જઈ અન્ય વ્યકતિઓના સંપર્કમાં રહી ગુજરાત સરકારના હેલ્થ અને ફેમીલી વેલ્ફેર ડીપાર્ટમેન્ટ સચિવાલયના નોટીફિકેશનનો ભંગ કર્યો છે. જેને પગલે તમામ સામે આપીસીની કલમ ૨૭૦, ૧૮૮ તેમજ ધી એપેડમીટ એકટ ૧૮૯૭ ની કલમ-૩ મુજબ ગુનો નોંધાયો છે. તંત્ર દ્વારા ચાર સામે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે. જેમાં ઉમંગ જશુભાઈ પટેલ, પીનલ ઉમંગ પટેલ અને અશોકભાઈ પટેલનો કોરોના ટેસ્ટ પોઝીટીવ છે. જયારે પુજાબેન તીર્થભાઈ પટેલ હાલ કોરોન્ટાઈન છે.

# શહેરમાં વધુ બે કેસ પોઝિટિવ

## એક જ પરિવારના ૬ સભ્યને કોરોના પોઝિટિવ થતાં ખળભળાટ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના નોંધાતા જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૬ પર પહોંચી છે. આ બન્ને કેસો પણ સે. ૨૯ના પરિવાર સાથે સંકળાયેલા છે.

મળતી વિગતો પ્રમાણે બે કેસ જે સે. ૨૯માંથી મળ્યા હતા તે અને ૪ કેસ સંક્રમણને કારણે નોંધાયા છે. આ છ એ દર્દી હાલ સારવાર હેઠળ છે.

એક જ પરિવારના ૬ સભ્યોના કેસોને પગલે આરોગ્યતંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. જો કે તંત્રએ સંક્રમણને વધતુ અટકાવવા માટેની ગતિવિધિ તેજ કરી દીધી છે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરમાં સેનીટાઈઝેશનની કામગીરી ઝડપી બનાવી છે. આજે નોંધાયેલા બન્ને કેસો સંક્રમિત છે. જેમાં એક મહિલા અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

સેકટર-૨૩ માં આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં પુરૂષ દર્દી છે તે કલોલ તાલુકાના વેડા ગામના પ્રા.આ. કેન્દ્રમાં ફાર્માસીસ્ટ તરીકે ફરજો બજાવતો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગરના ૬ એ દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું આરોગ્યતંત્રના સૂત્રો કહી રહ્યા છે.

આજે મળેલા બન્ને કેસો છેલ્લા ત્રણ-ચાર દિવસથી હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં ઓબ્ઝર્વેશન હેઠળ જ હતા જે પણ નોંધનીય છે.

# ગાંધીનગરના સે. ૨૩ અને ૨૯માં કોરોના સંક્રમણને લઈ શિક્ષણના કર્મયોગીઓને રજા

## વિભાગના પરિપત્રથી કર્મયોગીઓમાં ચિંતા પ્રસરી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં સે. ૨૩ તથા સે. ૨૯માં કોરોના વાયરસના સંક્રમણની શક્યતા જોતાં આ બન્ને સેકટરોમાં રહેતા શિક્ષણ વિભાગના અધિકારીઓ કર્મચારીઓને ૩૧-૩-૨૦૨૦ સુધી ફરજ પર નહિ આવવા જણાવવામાં આવે છે.

શિક્ષણ વિભાગના ઉપસચિવશ્રી દ્વારા આ પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. નોવેલ કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતા નિવારાત્મક પગલાં અંગે શિક્ષણ વિભાગના અગ્ર સચિવશ્રીનો આદેશ મેળવી આ પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હોવાનું પણ આ આદેશમાં જણાવવામાં આવ્યુ છે.

આજે ગાંધીનગર શહેરમાં નોંધાયેલા બન્ને કેસ સે. ૨૩ના છે અને તેથી શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યુ હતુ અને તેણે આ પરિપત્ર જારી કર્યો હતો.

જો કે આ પછી સરકારે જ શિક્ષણ વિભાગની કચેરીઓ બંધ રાખવાની સૂચના પણ આપી છે.

## શહેરમાં આવતીકાલથી ઘરે ઘરે અનાજ - કરિયાણા અને શાકભાજી માટે મનપા વ્યવસ્થા કરશે

ગાંધીનગર, તા.૨૪

મહાનગર પાલિકાના કમિશનર રતનકુંવર ગઢવીચારણે વેપારીઓની બેઠકમાં નિર્ણય કર્યો હતો કે, દરેક સેક્ટર દીઠ એક વેપારી નિયત કરાયો છે. જેના દ્વારા છોટા હાથીમાં અનાજ - કરિયાણાની સામગ્રી સાથે સવારથી સાંજ સુધી ઘરે ઘરે ફરશે. આ ઉપરાંત દરેક સેક્ટર દીઠ શાકભાજીની પાંચ લારીઓ નિયત કરાઈ છે. જે ચોકઠે - ચોકઠે ફરી શાકભાજી પહોંચાડશે. જેથી સેક્ટરોના શોપીંગ સેન્ટરોમાં એક પણ દુકાન (મેડીકલ સ્ટોર સિવાય કે મોલ) ખુલશે નહિ. આ સમગ્ર વ્યવસ્થા શહેરના રિટેલર વેપારીઓની સાથેની બેઠક બાદ નિશ્ચિત કરાઈ હતી.

કમિશનરે અપીલ દ્વારા તમામ નાગરિકોને જણાવ્યું છે કે, કોઈએ અનાજ - કરિયાણા કે શાકભાજી માટે દોડધામ કરવાની જરૂર નથી. રોજ સવારે પાંચ થી આઠ દરમિયાન દરેકના ઘર સુધી દૂધ પહોંચાડવાની પણ વ્યવસ્થા કરાઈ છે. આ તમામ વ્યવસ્થા ૨૬મીથી અમલ બનશે

# કોરોના સાથે સંકળાયેલા ન હોય તેવા સરકારી વિભાગો બંધ કરવા આદેશ

## મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલી ટાસ્કફોર્સની બેઠકમાં મહત્વના નિર્ણયો

૧. મુખ્યમંત્રીના અધ્યક્ષપદની આ કોર કમિટીની બેઠક દરરોજ પાંચ કલાકે મળશે.

૨. ૩૧મી માર્ચ સુધી આવશ્યક સેવાઓ સિવાયની સરકારી કચેરીઓમાં રજા જાહેર કરવામાં આવી છે.

૩. કચેરીની કામગીરી અગત્યતા મુજબ ન્યૂનત્તમ સ્ટાફ સાથે કચેરીઓ ચાલુ રાખી શકાશે.

૪. રાજ્યની શાળાઓના ધોરણ ૧ થી ૮ – ૯ અને ૧૧માં માસ પ્રમોશન અપાશે.

૫. શાળા-કોલેજોના શિક્ષકો-પ્રાધ્યાપકોને પણ ૩૧મી માર્ચ સુધી રજા આપવામાં આવી છે.

૬. ગુજરાતમાં રોજ પંચાવન લાખ લીટર દૂધ પાઉચનું વિતરણ થાય છે. અમૂલના ૧૬૦૦ પાર્લર ચાલુ છે.

૭. રાજ્યમાં શાકભાજીના ૬૪ માર્કેટ કાર્યરત છે અને પુરતો જથ્થો ઉપલબ્ધ કરાવાઈ રહ્યો છે.

૮. નાગરિકો સંગ્રહાખોરી ન કરે તેનો આદેશ આપવામાં આવ્યો છે, કેમ કે તેમને નિયમિત પુરવઠો મળી રહેશે.

૯. મુખ્યમંત્રી રાજ્યના મહાનગરોમાં હોમ કવોરેન્ટાઇન થયેલા વિદેશથી આવેલા સાત નાગરિકો સાથે સીએમ ડેશબોર્ડના જનસંવાદ કેન્દ્રથી સીધો સંપર્ક કરી રહ્યાં છે.

૧૦. કોઇ ચીજવસ્તુના નિર્ધારીત ભાવથી વધુ ભાવ ન લેવાય તેમજ સંગ્રહખોરી ન થાય તે અંગેની કાળજી રાખવામાં આવી રહી છે.

૧૧. ટાસ્કફોર્સની બેઠક દરરોજ બપોરે ૧૨ વાયે મળશે અને પુરવઠાની સ્થિતીના સમીક્ષા કરશે.

૧૨. જિલ્લાકક્ષાએ જિલ્લા પુરવઠા અધિકારી આ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરશે

૧૩. રાજ્યમાં લોકો મોટા પ્રમાણમાં કયાંય એકત્ર ન થાય, ભીડભાડ ન થાય અને સંક્રમણ વધુ ન ફેલાય તે માટે સમગ્ર રાજ્યમાં બસ સેવાઓ સહિતની ટ્રાન્સપોર્ટ સેવાઓ, આવશ્યક સેવાઓ સિવાયની કચેરીઓ-સંસ્થાઓ પણ ૩૧મી માર્ચ સુધી બંધ રાખવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

૧૪. રાજ્ય સરકારના વિવિધ વિભાગો તેમજ સચિવાલય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની કચેરીઓમાં પણ ભીડભાડ અટકાવવા કમર્ચારીઓની હાજરીને નિયંત્રીત કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કોર કમિટીની બેઠકમાં લેવામાં આવ્યો છે.

૧૫. આવશ્યક સેવાઓ એટલે કે પોલીસ, આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ અને તેને સંલગ્ન કચેરીઓ, અન્ન નાગરિક પુરવઠા વિભાગ અને તેની સંલગ્ન કચેરીઓ, કલેકટર કચેરી, પંચાયત તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે સંકળાયેલી કચેરીઓ અને નગરપાલિકા, મહાનગરપાલિકાની આવશ્યક – તાત્કાલિક પ્રકારની કામગીરી સાથે સંકળાયેલા અધિકારી-કર્મચારીઓની ફરજો ચાલુ રહેશે.

૧૬. ગેસ, વીજ વિતરણ કંપનીઓ, પાણી પુરવઠા સંલગ્ન કચેરીઓ અને માહિતી-પ્રસારણ તંત્રની કચેરીઓ પણ યથાવત કામગીરી બજાવશે. તે સિવાયના વિભાગોની કચેરીઓ ૩૧મી માર્ચ સુધી બંધ રહેશે.

૧૭. રાજ્યમાં કોરોના વાયરસની સ્થિતિની યોગ્ય અને સાચી માહિતી લોકો સુધી પહોચી શકે તે માટે આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જ્યંતિ રવિ મિડીયાને દરરોજ સવારે ૧૦ અને રાત્રે ૮ કલાકે બ્રિફીંગ આપશે.

૧૯. નાયબ મુખ્યમંત્રી, આરોગ્ય રાજ્યમંત્રી, મુખ્ય સચિવ અને અન્ય વરિષ્ઠ સચિવોની આ કોર કમિટીની બેઠક રોજ સાંજે પાંચ કલાકે મુખ્યમંત્રીના નિવાસસ્થાને મળશે.

# શહેરમાં લોકડાઉન સફળ : નગર સુમસામ

## કોરોનાથી શહેરીજનો સચેત : જનતા કરફ્યુ બાદ બીજા દિવસે બહાર નિકળવાની વાતને હળવાશમાં લઇ રહ્યા હતા : સરકારની ચેતવણી બાદ લોકડાઉન સફળ રહેતા નગરમાં સન્નાટો છવાયો : પોલીસ પણ કડક બની : નાગરિકો પણ સ્વયંશિસ્તમાં રહી કોરોના સામે જીત મેળવવાના મુડમાં

ગાંધીનગર તા ૨૪

શહેરમાં આજે લોકડાઉનની અસર વચ્ચે સન્નાટો છવાયેલો રહ્યો હતો દિવસ દરમિયાન એકલદોકલ વ્યકિત સિવાય માર્ગો પર કોઈ દેખાયુ ન હતુ. જયારે સરકારના આદેશ મુજબ લારી ગલ્લા સહીત સમગ્ર દુકાનો સહીત શોપિંગ બજારો બંધ રહ્યા હતા. સવારથી જ લોકડાઉનની અસર વચ્ચે શહેરીજનો ઘરમાં પુરાઈ રહ્યા હતા. કોરોના વાયરસના ગાંધીનગરમાં અત્યાર સુધી ૬ કેસ નોંધાયા છે. જયારે દુબઈથી આવેલા યુવાનના લીધે એક જ કુટુંબના ૬ વ્યકિતઓને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે. શહેરીજનો જનતા કરફ્યુ બાદ સોમવારના દિવસને થોડો હળવાશથી લઈ રહ્યા હતા. ગઈકાલે શહેરમાં માર્ગો પર લટાર મારવા નિકળી પડેલા શહેરીજનોને જોઈને સૌ કોઈમાં ચિંતા પ્રવર્તી હતી. જનતા કરફ્યુ બાદ કોરોના વાયરસે જાણે વિદાય લઈ લીધી હોય તેમ રાજયના વિવિધ વિસ્તારોમાં નગરજનો માર્ગો પર નિકળી પડયા હતા. જયારે આ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ સરકારે ગાંધીનગરમાં કડક લોકડાઉનનો અમલ કરવાનો નિર્ણય લીધો હતો. જેના લીધે આજે સવારથી જ શહેરમાં લોકડાઉનની અસર વચ્ચે સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. શહેરના શોપિંગ બજારો બંધ રહ્યા હતા. જયારે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ શાકભાજી , દુધ અને દવાઓની દુકાનો જ ખુલ્લી રહી હતી. નગરજનોએ પણ આ મામલે સરકારની અપીલ બાદ કોરનાના કહેરની ગંભીરતાને સમજી ઘરે બેસવાનુ મુનાસિબ માન્યુ છે.

આજે શહેરમાં પોલીસ પણ સતત રાઉન્ડમાં રહી હતી કોઈપણ જગ્યાએ નાગરિકો એકત્રિત ન થાય અને કલમ ૧૪૪ના જાહેરનામાનો ભંગ ન થાય તે માટે પણ સજાગ રહી હતી. પોલીસના ડરે પણ કેટલાક સેકટરોમાં નાગરિકો ઘરની બહાર કામ સિવાય લટાર મારવા નિકળ્યા ન હતા. સમગ્ર શહેરમાં સવારથી જ સન્નાટો રહ્યો હતો. સેકટરોની શેરીઓમાં પણ સુનકાર રહ્યો હતો. ઘરમાં પુરાયેલા નગરજનો બપોરના સમયે સદંતર આરામ ફરમાવ્યો હતો. કોરોના અંગે સજાગ થયેલા નાગરિકોને આજે લોકડાઉન સફળ રહ્યુ હતુ.










## શહેરમાં ગરમીનો પારો ઉંચકાયો

ગાંધીનગર, તા.૨૪

કોરાના કહેર વચ્ચે હવે ગરમીએ પણ માથુ ઉંચકયુ છે. દિવસનો તાપ અસહ્ય બન્યો છે. આજે મહત્તમ તાપમાન પણ ૩૭.૮ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જો કે હાલ ઘરમાં જ રહેવાનુ હોવાથી ગરમીની મોસમ જનજીવનને વિશેષ પ્રભાવતિ કરે તેમ નથી. જયારે ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન ૨ ડીગ્રી વધ્યુ હતુ. જેના લીધે રાત્રિના પણ નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. એકબાજુ કોરોના વાયરસે કાળોકેર વર્તાવ્યો છે. ત્યારે આકરી ગરમી આ વાયરસની અસરને હળવી કરી દેશે તેવી આશ પણ નગરજનોમાં પ્રબળ બની છે ત્યારે ગરમીનો પારો ઉંચો આવતા હજુ આગામી દિવસોમાં મહત્તમ તાપમાન વધે તેવી સંભાવના પણ વ્યકત કરવામાં આવી રહી છે. બીજીતરફ તા ૨૫ થી ૨૭ માર્ચ કમોસમી વરસાદ વરસશે તેમ પણ હવામાન તજજ્ઞોનુ માનવુ છે. જો કે ગરમીનુ પ્રમાણ વધવાની સાથે નગરજનો પણ હાલ કોરોના ઈફેકટના લીધે ઘરમાં જ પુરાયેલા હોવાથી વધતુ તાપમાન જનજીવનને વિશેષ પ્રભાવિત કરી શકે તેમ નથી. જયારે રાત્રિનુ તાપમાન પણ ધીમે ધીમે વધ્યુ છે.


ચાલો... ચાલો...ચાલો... હરિદ્વાર



સુંદરધામ પરિવાર
ગાંધીનગર દ્વારા
આયોજીત પાંચમા વર્ષે
શ્રી રામ ચરિત માનસ પંચમ
સોપાન "સુંદરકાંડ" પાઠ કથા

: યાત્રા પ્રારંભ :
તા.૮-૦૮-૨૦૨૦ થી ૧૬-૦૮-૨૦૨૦ (૯) દિવસ યાત્રા

- રેલવે દ્વારા જવા-આવવાનું, રહેવાનું, જમવાનું તમામ ખર્ચ પેટે રૂા.૫૫૦૦/- અને સિનિયર સીટીઝન માટે ૫૧૦૦/- રહેશે.
- યાત્રા દરમ્યાન ગોકુલ, મથુરા, વૃંદાવન દર્શનનું આયોજન કરેલ છે. જેમને લાભ લેવો હોય તેમણે અલગથી ખર્ચ આપી જોડાવવાનું રહેશે.
- યાત્રા ફોર્મ મેળવી તાત્કાલિક એડવાન્સ રૂા. ૧૫૦૦/- આપી નામ નોંધાવી દેવા વિનંતી.

સુંદરધામ હનુમાનજી મંદિર, રાંધેજા :
૮૧૪૧૨૧૭૦૫૦, ૯૩૭૪૧૭૭૧૮૪, ૯૪૨૮૫૯૫૭૪૧

જાહેરાત સૌજન્ય
www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com